**હિંમતનગર ખાતેની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલા**

**કમિશ્નર શ્રી એસ.યુ.બાબર સમક્ષ, હિંમતનગર.**

**ડીસ્ટ્રીબ્યુસન અરજી નં. ૦૨/૨૦૨૩**

**આંક :- ૧૮**

**અરજદારો :-** **રાજેશ મૌર્યના ગુજરતા વારસદારો...**

(૧) **પાલે રામચરણ, ઉ.આ.વ. ૬૭ (પિતા)**
રહે. પૂરવા,ઝાલા,બહરાઈચ, મંગોરિહા, ઉત્તરપ્રદેશ.

**-:: વિરૂધ્ધ::-**

**સામાવાળા :-** (૧) **કેપસોન આર્યન એન્ડ સ્ટીલ એલ.એલ.પી.**
સર્વે નંબર-૧૬, મુ.પો. કાબોદરા,
તા. તલોદ, જી. સાબરકાંઠા.

(૨) **ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ**
પાંચમો માળ, પોપ્યુલર હાઉસ,
આશ્રમ રોડ, અમદાવાદ.

**હાજર રહ્યા :-** **અરજદાર તરફે** : વિ.વ. શ્રી એસ.ડી. ચંપાવત
વિ.વ. શ્રી એસ.એન. પટેલ
**સામાવાળા નં. ૧ તરફે :** -
**સામાવાળા નં. ૨ તરફે :** -

**:: હુકમ ::**

(૧) આ કામે રેકર્ડ જોતા ગુજરનાર રાજેશ મૌર્ય નુ આ કામના સામાવાળા નં. ૧ કેપસોન આર્યન એન્ડ સ્ટીલ એલ.એલ.પી., સર્વે નંબર-૧૬, મુ.પો. કાબોદરા, તા. તલોદ, જી. સાબરકાંઠા માં નોકરની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતમાં મ્રુત્યુ થતા સામાવાળા નં. ૨ વીમા કંપની ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ,પાંચમો માળ, પોપ્યુલર હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ એ અકસ્માત મ્રુત્યુના વળતરની રકમ રૂ.૧૨,૪૫,૯૬૨/- (અંકે રૂપિયા બાર લાખ પિસ્તાલીસ હજાર નવસો બાસઠ પુરા) અત્રેની

કોર્ટમાં જમા કરાવેલ છે. ત્યારબાદ ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ મોકલી આપવા માં આવેલો. ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ અરજદાર તરફે આંક–૧ થી રજુ કરતા તેને ડીસ્ટ્રીબ્યુશન અરજી તરીકે રજીસ્ટરે નોંધી પક્ષકારોને જમા રકમની વહેંચણી ગુજરનારના આશ્રિતોને શા માટે ન કરવી તેના કારણો દર્શાવતી નોટીસ કાઢવામાં આવેલ.

(૨) પક્ષકારોને નોટિસ બજતાં ગુજરનારના આશ્રિતોએ આંક–૧ નીચે અરજી આધારે જમા વળતરની રકમની વહેંચણી તેઓ વચ્ચે કરી આપવા દાદ માંગેલી છે.

(૩) સામાવાળા નં. ૨ નાઓએ અકસ્માત મ્રુત્યુના વળતરની રકમ જમા કરાવતી વખતે આંક–૪ થી રજુ ફોર્મ–એ ની સાથે અન્ય દસ્તાવેજો પણ રજુ કરેલ.

(૪) આ કામે અરજદાર અને સામાવાળાઓને નોટિસની બજવણી થતા અરજદાર તરફે આંક–૦૮ થી વકીલાતનામુ રજુ કરવામાં આવેલ છે.

(૫) અરજદારો તરફે આંક–૧૫ અને આંક– ૧૭ થી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | તારીખ |
|---|---|---|
| ૧૫/૧ | મજુર અદાલતમાંથી નાણાં મેળવવા કંપનીએ લખેલ પત્ર અસલ આર.એ.પી.ડી. ના કવર સાથે | ૧૩/૦૩/૨૦૨૩ |
| ૧૫/૨ | અરજદારનો પરિવાર રજિસ્ટરનો ઉતારો અસલ | ૨૫/૦૧/૨૦૨૫ |
| ૧૫/૩ | રાજેશકુમારનુ સામાન્ય મ્રુત્યુ પ્રમાણપત્ર અસલ | ૦૫/૦૨/૨૦૨૫ |
| ૧૫/૪ | રામચરણ પિછડી જાતિના હોવાનુ પ્રમાણપત્ર અસલ | ૨૪/૦૨/૨૦૨૫ |
| ૧૫/૫ | માધુરી પાલે મરણ પામેલાનુ પ્રમાણપત્ર અસલ | ૧૬/૦૩/૨૦૨૫ |
| ૧૫/૬ | પાલેના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |
| ૧૫/૭ | માધુરી (રામકલી) ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |

| | | |
|---|---|---|
| ૧૫/૮ | કલિકા ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |
| ૧૫/૯ | રામકુમારી (જેની) ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |
| ૧૫/૧૦ | પ્રમોદ ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |
| ૧૫/૧૧ | દિલીપકુમાર ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |
| ૧૫/૧૨ | સુખરામ ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |
| ૧૫/૧૩ | રેશમા ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |
| ૧૫/૧૪ | સુરાજા ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |
| ૧૫/૧૫ | રાજેશકુમાર ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | – |
| ૧૫/૧૬ | રાજેશકુમારનો અમદાવાદ મ્યુ. કોર્પો. નો મરણનું પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ | ૩૦/૦૭/૨૦૨૨ |
| ૧૭/૧ | મરહુમના માતા રામકલી ઉર્ફે માધુરીના મ્રુત્યુ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ | ૦૬/૧૨/૨૦૨૫ |

(૬) અરજદાર તરફે આંક–૦૯ થી સોગંદનામુ રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, ગુજરનાર રાજેશ મૌર્યના તેઓ પિતા છે. તે અપરણિત હતો. અરજદારના પત્ની ગુજરી ગયેલ છે. મરહુમ અરજદારનો પુત્ર હતો અને તેઓ મરહુમના સીધી લીટીના કાયદેસરના વારસદાર અને આશ્રિત છે. તે સિવાય અન્ય કોઇ મરહુમના સીધી લીટીના વારસદારો અને આશ્રિત નથી.

વધુમાં તેઓ જણાવે છે કે, તા. ૨૭/૦૫/૨૦૨૨ નારોજ તથા તે પહેલાથી ગુજ. રાજેશ મૌર્ય સામાવાળા નં. ૧ સંસ્થામાં મજુર તરીકે નોકરી કરતા હતા અને સામાવાળા નં. ૧ અને અરજદારના પુત્ર રાજેશ મૌર્ય વચ્ચે અનુક્રમે માલિક અને નોકર ના સંબંધો હતા. અરજદારના પુત્ર રાજેશ મૌર્ય તા. ૨૭/૦૫/૨૦૨૨ ના રોજ સામવાળા નં. ૧ માલિકની નોકરીની ફરજ ઉપર હતા તે દરમ્યાન ફરજ ઉપર મજુરી કામ કરતા હતા ને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમ્યાન તા. ૩૦/૦૭/૨૦૨૨ ના રોજ મરણ ગયેલ. જે અકસ્માતની ફરીયાદ તલોદ પોલીસ સ્ટેશને ગુ.ર. નંબર

એડી. ૨૩/૨૨ થી નોંધાયેલ છે. અકસ્માતવાળી જગ્યાનું તથા રાજેશ મૌર્યનું ઈન્કવેસ્ટ પંચનામું પોસ્ટે. દ્વારા કરવામાં આવેલ સમાજના રીતરીવાજ મુજબ અંતિમ સંસ્કાર કરવામાં આવેલ. મરહુમ રાજેશ મૌર્યની જન્મ તારીખ ૦૧/૦૧/૨૦૦૩ ના રોજ હતી અને સામાવાળા નં. ૧ પાસેથી માસિક રૂ. ૧૧,૦૨૦/- ની ચોખ્ખી આવક/પગાર મેળવતા હતા.

રાજેશ મૌર્ય ગુજરી જતાં અરજદારે ક્લેઈમ ફોર્મ ભરીને દસ્તાવેજી પુરાવાઓ સામાવાળા નં.૧ ને મોકલી આપતાં સામાવાળા નં.૧ નાએ ન્યુ ઈન્ડીયા એશ્યોરન્સ કંપનીમાંથી વીમો લીધેલ હોઈ આ વીમા કંપનીએ નામદાર મજુર અદાલતમાં રૂ. ૧૨,૭૫,૯૬૨/- જમા કરાવેલ છે. સદર રકમ અરજદારને મળે તે માટે તેઓએ સદર ડીસ્ટ્રીબ્યુશન અરજ દાખલ કરેલ છે અને તેની સાથે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. પુરાવાઓને આધારે તેઓને ઉપરોક્ત રકમની વહેંચણી કરી ચુકવી આપવા દાદ માંગેલ છે.

(૭) અરજદાર તરફે આંક-૧૬ થી સોગંદનામુ રજુ કરેલ છે. જેમા તેઓએ બનાવ સમયે તેઓના પરિવારમા સભ્યોની યાદી આપેલ. તેમજ જણાવે છે કે, ત્યારબાદ તેઓના પરિવારના પુત્ર સભ્યો અલગ થઈ જતાં તેઓ તથા તેઓની પત્ની રામકલી ઉર્ફે માધુરી તથા મરણ જનાર પુત્ર રાજેશ હતા. તે પૈકી તેઓની પત્ની પણ તા. ૧૬/૦૭/૨૦૨૨ ના રોજ અવસાન પામેલ છે. જેથી તેઓ એકમાત્ર કાયદેસરના સીધીલીટીના વારસદાર છે. આ સિવાય અન્ય કોઈ વારસદાર/સભ્યો નથી.

(૮) સામાવાળા નં ૧ અને ૨ ને ધોરણસરની બજવણી થયેલ હોવા છતા તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી.

(૯) અરજદારો તરફે તેમના વિ.વ.શ્રી એસ.ડી.ચંપાવત અને વિ.વ.શ્રી એસ.એન.પટેલ એ મૌખિક દલીલો કરેલી છે. સામાવાળા તરફે કોઈ હાજર ન હોઈ કેસ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

**(૧૦)** દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધું. મારા ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્ધાઓ :-</u>**

**(૧) શું આ કામના અરજદાર વચ્ચે જમા રકમની વહેંચણી કરી આપવા હુકમ કરવો જોઇએ?**

**(૨) શું હુકમ ?**

**(૧૧)** ઉપરોક્ત મુદ્ધાના મારા નિર્ણય નીચે મુજબ છે.

**(૧) હકારમાં.**

**(૨) આખરી હુકમ મુજબ.**

**(૧૨)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે રેકર્ડ જોતા ગુજરનાર રાજેશ મૌર્ય નુ આ કામના સામાવાળા નં. ૧ કેપસોન આર્યન એન્ડ સ્ટીલ એલ.એલ.પી. સંસ્થામાં નોકરની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતમાં મ્રુત્યુ થતા સામાવાળા નં. ૨ વીમા કંપની ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ એ અકસ્માત મ્રુત્યુના વળતરની રકમ રૂ.૧૨,૪૫,૯૬૨/-(અંકે રૂપિયા બાર લાખ પિસ્તાલીસ હજાર નવસો બાસઠ પુરા) અત્રેની કોર્ટમાં જમા કરાવેલ છે. સામાવાળા નં. ૨ એ જમા કરાવેલ રકમની વહેંચણી કરી આપવા માટેની દાદ અરજદાર પાલે રામચરણ કે જેઓ ગુજરનારના પિતા છે અને અરજીમાં જણાવ્યા મુજબના કાયદેસરના એકમાત્ર સીધીલીટીના વારસદાર હોઈ વહેંચણી કરી આપવા માંગેલ છે. આ અરજીના કામે અરજદાર તરફે તેમના વિ.વ.શ્રી એ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર તરફે આંક-૯ થી સોગંદનામું રજુ કરેલ છે અને તેમાં જણાવે છે કે, ગુજરનાર રાજેશ મૌર્યના તેઓ પિતા છે. તે

અપરણિત હતો. અરજદારના પત્ની ગુજરી ગયેલ છે. મરહુમ અરજદારનો પુત્ર હતો અને તેઓ મરહુમના સીધી લીટીના કાયદેસરના વારસદાર અને આશ્રિત છે. તે સિવાય અન્ય કોઇ મરહુમના સીધી લીટીના વારસદારો અને આશ્રિત નથી.

વધુમાં અરજદાર તરફે આંક–૧૬ થી સોગંદનામુ રજુ કરેલ છે. જેમા તેઓએ બનાવ સમયે તેઓના પરિવારમા સભ્યોની યાદી આપેલ. તેમજ જણાવે છે કે, ત્યારબાદ તેઓના પરિવારના પુત્ર સભ્યો અલગ થઇ જતાં તેઓ તથા તેઓની પત્ની રામકલી ઉર્ફે માધુરી તથા મરણ જનાર પુત્ર રાજેશ હતા. તે પૈકી તેઓની પત્ની પણ તા. ૧૬/૦૭/૨૦૨૨ ના રોજ અવસાન પામેલ છે. જેઓનો મરણનો દાખલો આંક–૧૭ ના લીસ્ટથી રજુ છે. વધુમાં રજુ દસ્તાવેજ પરથી રાજેશકુમાર અવસાન પામેલાનુ ફલીત થાય છે. વધુમાં આંક-૦૨ ના દસ્તાવેજથી કંપનીએ પણ અરજદાર ગુજરનારના પિતા હોવાનુ જાહેર કરેલ છે. આમ રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા અરજદાર પાલે રામચરણ જેઓ ગુજરનારના પિતા હોવાનુ ની-૧૫/૨ ના પરિવાર રજીસ્ટરના ઉતારો જોતા પુરવાર થાય છે, વધુમાં ની-૧૫/૩ જોતા પણ તેમા ગુજરનાર અપરણીત હોવાનુ જણાવેલ છે તેમજ પરિવાર રજીસ્ટરમાં પણ અન્ય વ્યક્તિ/ભાઇ-બહેન પુખ્ત વયના હોવાનુ જણાઇ આવે છે, જે ધ્યાને લેતા અરજદાર પાલે રામચરણ તેઓના એકમાત્ર કાયદેસરના સીધીલીટીના વારસદાર છે. આ સિવાય અન્ય કોઇ વારસદાર/સભ્યો નથી તેમ પુરવાર થાય છે.

આમ, ઉપરોક્ત હકીકતે જમા વળતરની રકમ ગુજરનારના પિતા પાલે રામ ચરણનાઓને આપવી ન્યાયોચીત જણાય છે. જેથી **મુદ્દા નં. (૧) નો જવાબ "હકાર"** માં આપવામાં આવે છે.

(બી) રેકર્ડ જોતાં અરજદાર ગુજરનારના પિતા છે. તેઓના પરિવારના પુત્ર સભ્યો અલગ થઇ જતાં તેઓ તથા તેઓની પત્ની રામકલી ઉર્ફે માધુરી તથા મરણ જનાર પુત્ર રાજેશ હતા. તે પૈકી તેઓની પત્ની પણ અવસાન પામેલ છે.

અરજદારો ગામડાના રહેવાસી છે. તેને ધ્યાને લેતાં અને **નામદાર ગુજરાત હાઈકોર્ટ ન્યુ ઈન્ડીયા એશ્યોરન્સ કાકું.લી. વિરુદ્ધ નરસિંહભાઈ ડી. હરીજન(સોલંકી) ના કેસમાં આપેલ અને ૨૦૦૭ એલ.એલ. આર. ૧૦૮૫** પર પ્રસિદ્ધ થયેલ છે તે ચુકાદામાં ગુજરાત રાજ્યના કર્મચારી વળતરધારા હેઠળ નિમાયેલા કમિશ્નરશ્રીઓને આપેલ ડાયરેકશનોને લક્ષમાં લેતા નીચે હુકમમાં જણાવ્યા મુજબ વળતરની રકમની વહેંચણી કરવા હુકમ કરવો ન્યાયી અને વ્યાજબી ગણાશે.

**(૧૩)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હીતમાં **મુદ્દા નં. (૨)** નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**(૧)** આ કામના અરજદાર પાલે રામચરણને અત્રેની કોર્ટમાં જમા કરાવેલ રૂ.૧૨,૪૫,૯૬૨/- ની રકમમાંથી રૂ.૧,૮૬,૯૬૨/- તથા ફીક્સ ડીપોઝીટ પરના વ્યાજની રકમ એકાઉન્ટ પેઈ ચેક/ઈપેમેન્ટ થી ચુકવી આપવાં. જ્યારે રકમ રૂ.૧૦,૫૯,૦૦૦/- અરજદાર તથા વ.કો.કમિશ્નરશ્રી, હિંમતનગરના સંયુકત નામે પાંચ વર્ષની મુદ્દત માટે રાષ્ટ્રીયકુત બેન્કમાં ફીક્સ ડીપોઝીટમાં મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** બેન્કે ફીક્સ ડીપોઝીટની રકમ મુદત પુરી થતા પહેલા કે પછી અરજદાર કે અન્ય કોઈ પણ વ્યક્તિને આ કોર્ટની પરવાનગી સીવાય ચુકવવાની રહેશે નહિ. ડીપોઝીટની રકમ ઉપર કોઈ પણ પ્રકારનો બોજો ઉભો કરી શકાશે નહિ અને આ રકમ આધારે કોઈ લોન મંજુર કરી શકાશે નહિ અને આ અંગેની સ્પષ્ટ નોંધ લાલ શાહીથી ડીપોઝીટની અસલ રસીદ ઉપર બેન્કે કરવાની રહેશે.

**(૩)** આથી બેન્કને હુકમ કરવામાં આવે છે કે તેઓએ ડીપોઝીટની રકમ ઉપર ચુકવવા પાત્ર થતું વ્યાજ અરજદારને દર માસે ચુઅકવી આપવાનુ રહેશે.

(૪) બેંકે રકમ ડીપોઝીટ થયાના દિન–૧૦ માં ડીપોઝીટ અસલ રસીદો અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે. જેની ખરી નકલ રાખી અસલ રસીદો સબંધિત અરજદારને આપવાની રહેશે.

**તારીખ: ૨૫/૦૩/૨૦૨૬**
**સ્થળ: હિંમતનગર.**

**(સંગ્રામ ઉદયસિંહ બાબર)**
**કમિશ્નર,**
**કર્મચારી વળતર ધારો,**
**મજુર અદાલત, હિંમતનગર.**
**જજ કોડ નં. જીજે૦૧૧૭૮**

**D. R. Prajapati**